# ગાંધીનગરમાં સ્થપાશે વર્લ્ડક્લાસ ફીનટેક યુનિવર્સિટી

**ગીફ્ટસીટીનો વધુ વિકાસ કરવામાં આવશે : ફાયનાન્સ ક્ષેત્રે સક્ષમ માનવબળ પુરૂ પાડવા માટે ગીફ્ટસીટીમાં ટૂંક સમયમાં ફીનટેક યુનિ. શરૂ કરાશે**

ગાંધીનગર, તા. ૧

કેન્દ્રિય નાણામંત્રી નિર્મલા સીતારામને આજે રજુ કરેલા બજેટમાં ગાંધીનગરમાં વર્લ્ડક્લાસ યુનિવર્સિટી બનાવવાની જાહેરાત કરી છે. ગીફટસીટી ખાતે વર્લ્ડક્લાસ ફીન ટેક યુનિવર્સિટીની સ્થાપના કરી ફાયનાન્સ ક્ષેત્રે સક્ષમ માનવબળ પુરૂ પાડવાના ધ્યેયને સિદ્ધ કરવા કેન્દ્રિય નાણામંત્રીની આ પહેલની ચારેકોરથી પ્રસંશા થઈ રહી છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલે પણ આ જાહેરાતને વધાવતા જણાવ્યુ છે કે ગીફટસીટી ખાતે ઉભી થનાર વર્લ્ડક્લાસ યુનિવર્સિટીના કારણે ગુજરાતના વિકાસને વધુ વેગ મળશે.

ગાંધીનગરના પાદરમાં આકાર પામેલ ગીફટસીટીને આર્થિક ક્ષેત્રનું કેન્દ્ર બનાવવા કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતી ત્યારે ગીફટસીટીનો પ્રારંભ થયો હતો. ગીફટસીટી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ છે. ગાંધીનગરની નજીક આકાર પામેલા આ ગીફટસીટીમાં આર્થિક ક્ષેત્રની દિગ્ગજ કંપનીઓના કેન્દ્ર સ્થપાયા છે. કેટલાક ઉદ્યોગગૃહોએ અહીં પોતાના હેડ ક્વાટર સ્થાપીને કામગીરી શરૂ કરી છે. સ્ટોક માર્કેટનું કામકાજ પણ અહીંથી શરૂ થયુ છે. વૈશ્વિક કક્ષાની કેટલીક બેંકોના હેડક્વાર્ટર અહીં સ્થપાયા છે. હજુ પણ ગીફટસીટીનો સતત વિકાસ થઈ રહ્યો છે. આર્થિક ક્ષેત્રની દિગ્ગજ કંપનીઓને અહીં લાવવાના પ્રયાસો થઈ રહ્યા છે.



કેન્દ્ર સરકારનો તેમાં પુરતો સહયોગ મળી રહ્યો છે. કેન્દ્રિય નાણામંત્રી નિર્મલા સીતારામને તાજેતરમાં જ ગીફટસીટીની મુલાકાત લીધી હતી અને તેના વિકાસ માટે સૂચનો કર્યા હતા. આગામી દિવસોમાં અહીં શરૂ થનાર કંપનીઓને આર્થિક ક્ષેત્રના નિષ્ણાતો અને કુશળ માનવબળ મળી રહે તે માટે અહીં વર્લ્ડક્લાસ ફીન ટેક યુનિવર્સિટી શરૂ કરવાનુ વિચારાયુ હતુ જેની જાહેરાત કેન્દ્રિય બજેટમાં કરવામાં આવતાં ગુજરાતના વિકાસનો મક્કમ માર્ગ તૈયાર થયો છે.

વર્લ્ડ ક્લાસ ફોરેન યુનિવર્સિટી ગાંધીનગરના ગિફટ સિટીમાંથી ફિનટેક-ટેક્નિકલ અને મેનેજમેન્ટ કોર્સ ઓફર કરી શકશે. ગિફટ સિટી એક ફાઈનાન્સ ટેક સિટી તરીકેની ઓળખની સાથે હવે અભ્યાસના કેન્દ્ર પણ ગિફટ સિટીમાં સ્થપાશે. આમ, ડોમેસ્ટિક રેગ્યુલેશન મુક્ત નવી યુનિવર્સિટી કે ઈન્સ્ટિટયૂટ ગિફટ સિટીમાં કાર્યરત થઈ શકશે. ઈન્ટરનેશનલ આર્બિટેશન સેન્ટર શરૂ થવાને પગલે ફોરેન કંપનીઓને ગિફટમાં તેમના યુનિટ સ્થાપવામાં પ્રોત્સાહન મળશે. ભારત સરકાર સાયન્સ ટેક, એન્જિનિયરિંગ અને મેથેમેટિક્સ-સ્ટેમને તેની શિક્ષણ પોલિસીમાં અમલમાં મૂકવાની જાહેરાત કરી છે, ત્યારે નિર્મલા સીતારમણે બજેટ ૨૦૨૨-૨૩ દરમિયાન ગાંધીનગરમાં ફિનટેક, સાયન્સ, ટેક, એન્જિનિયરિંગ અને મેથેમેટિક્સ ક્ષેત્રે નવી યુનિવર્સિટીઝ અને ઈન્સ્ટિટ્યૂટ ગિફટ સિટીમાં સ્થપાશે એવી જાહેરાત કરી છે, જેને પગલે

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાં ૫૨ કરોડના ખર્ચે ૧૦ માર્ગોનું રીસરફેસીંગ કરાશે

**પિલવાઇ મહુડી, પાલજ બાસણ, કોલવડા મોટી આદરજ, માણસા ઇટાદરા, કલોલ પાનસર સહીતના માર્ગોને ચકાચક બનાવાશે : વિભાગ કક્ષાએથી દરખાસ્તને મંજુરી મળી જતા ટુંકમાં કામગીરી શરૂ કરાશે**

ગાંધીનગર તા ૧

ગાંધીનગર શહેરની સાથે જિલ્લામાં પણ સમયાંતરે વિવિધ માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવામાં આવે છે. જિલ્લામાં પણ લાંબા સમયથી બિસ્માર માર્ગોની સુધારણા માટે કામોને મંજુરી આપવામાં આવી છે. જિલ્લાને જોડતા વિવિધ ૧૦ જેટલા માર્ગોનુ રીસરફેસીંગ હાથ ધરાશે આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૫૨ કરોડનો ખર્ચ થશે. જેમાં પિલવાઈ મહુડી, માણસા ઈટાદરા, કોલવડા મોટી આદરજ સહીતના માર્ગોનો સમાવેશ થાય છે. માર્ગ સુધારણાની કામગીરી મંજુરી થતા સ્થાનિકોની લાંબા સમયની માંગણી સંતાષાશે.

ગાંધીનગર જિલ્લામાં વિવિધ ૧૦ જેટલા માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાશે. જિલ્લાને જોડતા આ વિવિધ માર્ગોની સુધારણા પાછળ અંદાજિત રૂ ૫૨ કરોડનો ખર્ચ થશે. લાંબા સમયના અંતે વરસાદી દિવસો બાદ આ માર્ગોની સરફેસ ઉબડ ખાબડ બની છે. જયારે આ રૂટમાં ટ્રાફિકનુ ભારણ પણ વધ્યુ છે જેના લીધે માર્ગોની દશા ખરાબ હોવાના લીધે માર્ગ સલામતી સામે પણ પ્રશ્ન મંડરાયો હતો. આ માર્ગોની સુધારણા માટેની દરખાસ્ત લાંબા સમયથી પેન્ડીંગ હતી. આખરે વિભાગ કક્ષાએથી આ તમામ માર્ગોના સરફેસીંગ માટે મંજુરી આપી દેવામાં આવી છે. જિલ્લાની સાથે જોડાયેલા અંદાજિત ૧૦ જેટલા માર્ગોને

● અનુસંધાન પાન-૭ પર

## વિધાનસભાના અંદાજપત્ર સત્રમાં પાંચ દિવસ બે બેઠકો ગૃહની મળશે

**૩જી માર્ચે અંદાજપત્ર રજુ થશે : અંદાજપત્રની વિભાગવાર ચર્ચા માટે ૧૨ દિવસ ફળવાયા**

ગાંધીનગર, તા. ૧

ગુજરાત વિધાનસભાનું અંદાજપત્ર ૨જી માર્ચથી શરૂ થશે. આ સત્ર દરમ્યાન નાણાંકીય કામગીરી વધુ રહેશે. જો કે સરકાર તરફથી પણ આ વખતે વિધયેકો ઓછા રજુ કરવામાં આવનાર છે. વિધયેકો માટે આ સત્રમાં બે જ દિવસ ફાળવવામાં આવ્યો છે.

રાજ્યપાલશ્રીના સંબોધનથી ગૃહની કામગીરીનો આરંભ થશે. તેમના સંબોધન પછી ૧૫ મિનિટ બાદ ગૃહ ફરી મળશે અને આભાર પ્રસ્તાવ રજુ કરવામાં આવશે તેમજ શોક દર્શક પ્રસ્તાવ રજુ કરવામાં આવશે.

વિધાનસભાના આ સત્ર દરમ્યાન સાત રજાઓ રહેશે. તેમજ પાંચ દિવસ બે બેઠકો મળશે. સરકારે અંદાજપત્ર પરની ચર્ચા માટે ૧૨ દિવસ અને અંદાજપત્રની સામાન્ય ચર્ચા માટે ૪ દિવસ ફાળવ્યા છે.

રાજ્યપાલશ્રીના પ્રવચન બદલ આભાર માનતો પ્રસ્તાવ પર ત્રણ દિવસ ચર્ચા માટે ફાળવ્યા છે.

ત્રીજીએ નાણાંમંત્રીશ્રી ૨૦૨૧-૨૨ની પૂરક માંગણીઓ અને અંદાજપત્ર ૨૦૨૨-૨૩નું રજુ કરશે.

● અનુસંધાન પાન-૭ પર

## ગુડાના ૨૧૦૦ આવાસો માટે ૪૪૫૫ અરજીઓનો ખડકલો

**ટુંકમાં ડ્રો કરાશે : મુખ્યમંત્રીના હસ્તે ડ્રો કરવા માટે ગુડાએ સ્મૃતિ પત્ર લખ્યો : અનામતના કારણોસર પડતર રહેલા ૩૮ આવસોનો પણ આ સાથે ડ્રો કરી દેવાશે**

ગાંધીનગર તા ૧

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા વાવોલ , કુડાસણ, સરગાસણ, અનો પેથાપુરમાં ૨૧૦૦ જેટલા એલ આઈ જી આવાસો બાંધવાનુ કામ શરૂ કરાયુ છે. જયારે આ આવાસ યોજનાને અનુલક્ષી ગુડાના તંત્રને ૪૬૩૨ અરજીઓ મળી છે. ગુડા દ્વારા હવે આવાસોનો ડ્રો કરવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. આવાસોના ડ્રો માટે મુખ્યમંત્રીને પણ સ્મૃતિ પત્ર લખવામાં આવ્યો છે. ગુડાના આવાસોનુ કામ ઝડપથી પુર્ણ થાય અને લાભાર્થીઓને રહેવા માટે સુવિધાયુક્ત આવાસ મળે તે મુજબ આયોજન કરવામાં આવી રહ્યુ હોવાનુ પણ ગુડાના સુત્રોએ જણાંવ્યુ છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આર્થિક રીતે નબળા વર્ગના પરિવારો માટે સરગાસણ , કુડાસણ ,વાવોલ અને પેથાપુરમાં ૨૧૦૦ જેટલા આવાસો બાંધવાનુ આયોજન કરાયુ છે. જયારે આ આવાસોને અનુલક્ષીને ગુડાને નિયત સમયમાં અંદાજિત ૪૬૩૨ અરજીઓ મળી હતી. જયારે સ્ક્રુટીનીના અંતે ૪૪૫૫ અરજીઓ મંજુર થઈ છે. બીજીતરફ કુડાસણ પાસે પડતર રહેલા એમ આઈ જી ના ૩૮ ફલેટ ટાઈપ આવાસ માટે ૬૫૫ અરજીઓ આવી છે. ગુડા દ્વારા ટી પી સ્કીમ નં -૭ માં સરગાસણ, કુડાસણ પોર પ્લોટ નં ૧૮૬ માં ૧૨૦૮ ફલેટ બાંધવામાં આવશે. જે ૩૬.૯૬ ચો મી ના રહેશે. જયારે ટી પી સ્કીમ નં -૧૩ માં વાવોલમાં પ્લોટ નં -૩૦૯ માં ૨૮૮ ફલેટ બાંધવામાં આવશે. જે ૩૪.૧૪ ચો મી ના અને પ્લોટ નં ૩૧૯ ૫૦૪ ફલેટ બંધાશે જે ૩૫.૬૮ ચોમી ના રહેશે. જયારે ટી પી સ્કીમ નં -૧૬ પેથાપુર પ્લોટ નં- ૨૧૯ માં ૧૦૦ ફલેટ

● અનુસંધાન પાન-૭ પર



ગાંધીનગર મહાનગરપાલિકાના કોર્પોરેટરોની ગ્રાન્ટમાંથી શહેરમાં ઠેર ઠેર બાંકડા મુકાયા હતા. આ બાંકડાઓ નગરજનોને અનુકૂળ બની ગયા હતા. જોકે તેની દેખરેખ યોગ્ય રીતે ન કરાતાં ઘણા બાંકડાઓ તુટી ગયા છે. સેક્ટર-૭/૮ ના બસસ્ટેન્ડની બાજુમાં એક બાંકડો ઉંધો પડી ગયો છે તો અન્ય બાંકડાઓ તુટી ગયા છે. વડીલો નીરાંતે બેસી શકે તે માટે ગોઠવેલા આ બાંકડાઓ તોડી પડાતા વડીલોને મુશ્કેલી અનુભવાઈ રહી છે.

## જિલ્લાના ગ્રામ્યમાં ૬૪ નવા કેસ : ૧૭૧ ને ડિસ્ચાર્જ

**સારવાર દરમ્યાન બે ના મોત : કુલ મૃત્યુઆંક ૫ થયો : જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામમાં ૩૦, ગાંધીનગરમાં ૧૫, કલોલમાં ૧૧ અને માણસામાં ૮ કેસ**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના નવા કેસોની સંખ્યા ૧૦૦ થી નીચે ગઈ છે. આજે નવા ૬૪ કેસ નોંધાયા છે. આ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં કોરોનાના ૩૩૮૦ થી વધુ કેસ નોંધાયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે બે દર્દીના સારવાર દરમ્યાન મોત થયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાની આ ત્રીજી લ્હેરમાં મૃત્યુઆંક ૫ પર પહોંચ્યો છે. આજે જે બે દર્દીના મોત થયા છે તેમાં એક ગાંધીનગર તાલુકાના લવારપુરનો દર્દી છે. તો બીજી મહિલા દર્દી સાંપા પ્રા.આ. કેન્દ્રની હદમાં આવેલા ગામની છે.

આ બન્ને દર્દી કો.મોર્બિડ હતા અને બન્ને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના કેસોની વધ-ઘટને લઈ તંત્ર ચિંતાતુર છે. જોકે તંત્રએ પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ છે અને કોરોનાની ગતિ ધીમી પડી ગઈ હોવાનું જણાવ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામમાં ૩૦, ગાંધીનગરમાં ૧૫, કલોલમાં ૧૧ અને માણસાના ૮ કેસનો સમાવેશ થાય છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૫ દર્દી ૬૦ કે તેથી વધુ વયના છે અને નવ દર્દી ૧૧ થી ૨૦ વર્ષની વયજૂથના છે. આજે એક દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આજે નોંધાયેલા કેસોમાં ૩૧ મહિલા દર્દી, ૧૪ વિદ્યાર્થી, ૫ ખેડૂત અને બે શ્રમિકનો પણ સમાવેશ થાય છે. આજે નોંધાયેલા કેસમાં ૧૦ થી ઓછી આયુ ધરાવતો એક બાળ દર્દી છે. દહેગામના બહિયલમાં ૯ વર્ષનો દિકરો સંક્રમિત થયેલો મળ્યો છે.

દહેગામ તાલુકામાં દહેગામ શહેરમાં ૩, કડાદરામાં ૩, હરખજીના મુવાડામાં ૫, સગદલપુરમાં ૪, ધારીસણમાં ૩, રખિયાલમાં ૩ ઉપરાંત બહિયલ, વટવા, કરોલી, મોટા જલુન્દ્રા, જિંડવા, પાટનાકુવા, વાસણા ચૌધરી, જાલિયાના મઠ તેમજ હાલીસામાંથી પણ કેસો મળી આવેલ છે.

ગાંધીનગર તાલુકામાં રૂપાલમાંથી ૪ કેસ અને ઉવારસદમાંથી બે કેસ ઉપરાંત શિહોલી, ડભોડા, ગિફટસીટી, છાલા, લવારપુર, ચિલોડા, ઉનાવા, અડાલજમાંથી પણ કેસ મળી આવેલ છે. ગાંધીનગર તાલુકામાં સંક્રમણ સ્થીર થયાનું તંત્રના સૂત્રોએ આડકતરૂ સ્વીકાર્યુ છે.

માણસા તાલુકામાં માણસા શહેરમાં ૪ કેસ, બાપુપુરામાં ૨ કેસ તેમજ રિદ્રોલ અને પાટણપુરામાંથી કેસ મળી આવેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં કોરોનાના નવા ૨૨૩ કેસ : ૩૦૯ દર્દી ડિસ્ચાર્જ

**રિકવરી રેટ ૭૦ ટકાને પાર : શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં કુડાસણમાં ૨૬, રાંદેસણમાં ૧૬, પાલજમાં ૧૪, પેથાપુર-સરગાસણમાં ૮-૮ કેસ અને રાયસણમાં ૭ કેસ : સે. ૨ માં ૨૨ કેસ, સે. ૩ અને ૭ માં ૧૬-૧૬ કેસ, સે. ૪ માં ૧૧ કેસ, સે. ૫ માં ૯ કેસ, સે. ૨૧ અને ૨૬ માં ૮-૮ કેસ, સે. ૬, ૧૩, ૨૨ માં -૬-૬ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૨૨૩ કેસ નોંધાયા છે. શહેરમાં આ સાથે કોરોનાના કેસોની સંખ્યા સાત હજારને પાર કરી ગઈ છે. ત્રીજી લ્હેરમાં સંક્રમણનો દર ઉંચો રહ્યો છે. જોકે રિકવરી રેટ ૭૦ ટકાને પાર કરી ગયો હોવાનું તંત્રના સૂત્રોએ કહ્યું છે.

શહેરમાં કોરોનાના કેસોમાં જે રીતે વધ-ઘટ જોવા મળી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. શહેરમાં આજે સંક્રમણનો પોઝીટીવીટી રેટ ૧૫ ટકાથી પણ વધુ છે. જોકે આ વખતે કોરોનાના કેસોમાં માઈલ્ડ સિમટમ્સ જણાયા છે.

શહેરમાં ત્રીજી લ્હેરમાં પોઝીટીવીટી રેટ પાંચ ટકા ઘટ્યો છે. તેમજ રિકવરી રેટ ૭૦ ટકાને પાર કરી ગયો છે. મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા હોવાથી તંત્રએ હોમ આઈસોલેશન અને ક્વોરોન્ટાઈનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૦૧ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૨૧ દર્દી ૬૦ કે તેથી વધુ વયના છે. જ્યારે ૧૫ દર્દી ૧૧ થી ૨૦ વર્ષની વય જૂથના છે.

આજે શહેરમાં ૧૦ વર્ષથી નીચેના ૭ બાળકો સંક્રમિતોની યાદીમાં છે. સે. ૨ માં ૧૧ મહિનાનો દિકરો, સે. ૨ માં ૧ વર્ષનો દિકરો, સે. ૭ માં સાડાત્રણ વર્ષનો દિકરો, રાયસણમાં ૧૦ વર્ષનો દિકરો, સે. ૨૪ માં ૨ વર્ષની દિકરી, રાંદેસણમાં ૮ વર્ષની દિકરી અને સે. ૫ માં ૧ વર્ષની દિકરીનો સમાવેશ થાય છે.

આજે નોંધાયેલા કેસોમાંથી ૩ દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ વખતે હોસ્પિટલાઈઝેશન દર ઓછો હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં કુડાસણમાં ૨૬, રાંદેસણમાં ૧૬, પાલજમાં ૧૪, પેથાપુર-સરગાસણમાં ૮-૮ કેસ અને રાયસણમાં ૭ કેસ નોંધાયા છે.

આ ઉપરાંત જીઈબી, ભાટ, ઝુંડાલમાં ૨-૨ કેસ તેમજ સુઘડમાં ૧ કેસ નોંધાયો છે.

શહેરમાં નવા સેક્ટરોમાં કોરોનાએ પુનઃ તેનુ રૌદ્ર સ્વરૂપ બતાવ્યુ છે. સે. ૧ થી ૧૦ માં જ ૮૦ થી વધુ કેસ નોંધાયા છે. તંત્રએ નવા સેક્ટરોમાં સઘન સર્વેલન્સ માટેની સૂચનાઓ જારી કરી છે.

સે. ૨ માં ૨૨ કેસ, સે. ૩ અને ૭ માં ૧૬-૧૬ કેસ, સે. ૪ માં ૧૧ કેસ, સે. ૫ માં ૯ કેસ, સે. ૨૧, સે. ૨૬ માં ૮-૮ કેસ

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે બે નવી તોતિંગ ટાંકી પણ બનાવાશે

ગાંધીનગર તા ૧

ગાંધીનગરમાં સ્માર્ટ સીટી અન્વયે શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે કાર્યયોજના હાથ ધરવામાં આવી છે જેને અનુલક્ષી સેકટરામાં પાઈપલાઈન નાંખવાનુ કામ પણ શરૂ કરી દેવાયુ છે. જયારે પાણીના સ્ટોરેજ માટે વધુ ક્ષમતા ધરાવતી બે નવી તોતિંગ ટાંકીનુ પણ નિર્માણ કરવામાં આવશે. જેની માટે કોર્પોરેશન કક્ષાએથી ખર્ચનુ આયોજન પણ કરી દેવાયુ છે.

ગાંધીનગરમાં સ્માર્ટ સીટી અન્વયે ૨૪ કલાક પાણી પુરવઠો સપ્લાય કરવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. પાણી પુરવઠાના સપ્લાયને અનુલક્ષી હાલ સેકટરોમાં પાણીની લાઇન નવી નાંખવાની કામગીરી ચાલી રહી છે. દાયકાઓ જુની લાઇન બદલીને નવા ડાયામીટરવાળી મોટી લાઇન નાંખવા માટે કામ ચાલી રહ્યુ છે. આ યોજના પાછળ અંદાજિત રૂ ૨૦૦ કરોડથી વધુ ખર્ચ કરવામાં આવશે. સેકટરોના ઘરોમાં મોટર મુક્યા વિના ત્રીજા મજલા સુધી પાણી પહોંચે તે માટે સમગ્ર શહેરમાં લાઇન બદલવામાં આવી રહી છે. જયારે પાણીનુ સ્ટોરેજ વધારવા માટે પણ સરીતા ઉદ્યાન અને ચરેડી ખાતે નવી તોતિંગ ટાંકી બનાવવા માટે પણ આયોજન કરાયુ છે.

આ મામલે પાણી પુરવઠા વિભાગના સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહીતી અનુસાર આ યોજનાના અન્વેયનો ખર્ચ કોર્પોરેશનને સ્માર્ટ સીટી હેઠળ મળેલી ગ્રાંન્ટમાંથી ચુકવવામાં આવી રહ્યો છે. જયારે હાલ આ માટે સેકટરોમાં મોટા ડાયામીટરની લાઇન નાંખવાનુ કામ ચાલી રહ્યુ છે. પ્રથમ તબકકામાં જુના સેકટરોમાં અલબત્ત સે-૧૪ થી ૩૦ માં કામ ચાલી રહ્યુ છે. જયારે બીજા તબક્કામાં સે-૧ થી ૧૪ માં કામ હાથ ધરાશે અલબત્ત આ કામગીરી પુર્ણ થતા એકાદ વર્ષનો સમય લાગશે. શહેરના તમામ સેકટરોમા હાલ સવારના સમયે પાણીના કોમન સપ્લાય આપવામા આવે છે. ચરેડી ટાંકી, સરીતા અને સે-૫ સ્થિત પાણીની ટાંકીમાંથી નર્મદાના પાણીનો સપ્લાય આપવામાં આવી રહ્યો છે. જયારે સ્માર્ટ સીટીના આ

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેઝીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White — THE WHITEST WHITE CEMENT
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com